ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૪૬ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ઓનલાઈન શોપીંગની બોલબાલા

કોરોના કાળમાં સાવધાનીના ભાગરૂપે દૂધ-શાકભાજીથી લઈ અનાજ-કરીયાણું પણ શહેરીજનો ઓનલાઈન ખરીદવાનું પસંદ કરે છે

ગાંધીનગર, તા. ૨૩

શહેરમાં શિયાળાની ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સાથે કોરોનાની મહામારીએ તમામ શહેરીજનોને ઘરમાં જ પૂરી દીધા હોય તેમ લાગી રહ્યું છે. આમેય ઠંડીમાં શહેરીજનો પ્રમાણમાં ઓછા બહાર નીકળી રહ્યા છે. સામાન્ય રીતે દૂધ, છાશ કે શાક લેવા ગૃહિણીઓએ બહાર જવું પડતુ પરંતુ હવે ડિઝીટલાઈઝેશન એટલુ વધી ગયુ છે કે કપડા અને ઈલેક્ટ્રીક ચીજવસ્તુઓ સાથે દૂધ, શાક, ડેરી આઈટમ્સ સાથે નાની મોટી તમામ ચીજવસ્તુઓ ઓનલાઈન જ મળી રહે છે. જીઓ માર્ટ, બીગ બાસ્કેટ, રિલાયન્સ માર્ટ ઉપરાંત લોકલ સ્ટોરની એપ્લીકેશનમાં પણ તમામ ચીજવસ્તુઓમાં ઓનલાઈન પરચેઝ થઈ શકે છે ઉપરાંત હોમ ડિલિવરીનું ઓપ્શન શહેરીજનો માટે બેસ્ટ સાબિત થઈ રહ્યું છે.

હાલના દિવસોમાં દુનિયા મુઠ્ઠીમાં છે એમ કહી શકાય સાથે દુનિયા હવે મોબાઈલથી જ જોઈ શકાતી હોવાથી નાની-મોટી તમામ ખબર ઓનલાઈન મળી રહે છે. નાનાથી લઈ મોટા અને વૃદ્ધો મોબાઈલ અને મોબાઈલ એપ્લીકેશનનો ઉપયોગ કરતા થઈ ગયા છે તેમાં પણ લોકડાઉનના સમયથી યુવાનો સાથે મોટા અને વૃદ્ધોમાં આ ટ્રેન્ડ વધ્યો છે. આજે ઠંડીના સમયગાળામાં ઘરની બહાર ન નીકળવું હોય તો ઓનલાઈન ખરીદી બેસ્ટ ઓપ્શન છે ઉપરાંત ઓનલાઈન વેચાણ કરતી એપ્લીકેશન દ્વારા પણ ઘણીખરી ઓફર અને સવલત

આપવામાં આવી રહી છે. બજાર ભાવ કરતા ડિસ્કાઉન્ટેડ રેટમાં મળતી ગ્રોસરીથી લઈ ઘરનો નાનો મોટો સામાન ક્રેડિટ કાર્ડથી ખરીદાય એટલે ૨૧ દિવસની ક્રેડીટ મળે છે. ઉપરાંત ઘરની બહાર નીકળવાની જંજટમાંથી મુક્તિ સાથે ડિસ્કાઉન્ટેડ રેટ પર પ્રોડક્ટસ ઉપરાંત ફાસ ડિલીવરી આવા અનેક સામટા ફાયદા સામે ઓફલાઈન સોપિંગ ફિક્કી પડી રહી છે. ઓફલાઈન શોપીંગમાં એનર્જી, સમયના વ્યવ સાથે પેટ્રોલ કે ડિઝલનો ખર્ચો ઉપરાંત એક જગ્યાએથી બધી ચીજવસ્તુ મળી ન પણ રહે આ તમામ ગેરફાયદાની સાથે ઓનલાઈન શોપિંગ આકર્ષક અને ફાયદાકારક સાબિત થઈ રહી છે.

ઓનલાઈન વેચાણ કરતી કંપની અને વેબસાઈટ્સ દ્વારા પણ કોરોના પ્રોડક્ટસ કીટ બોક્સ સાથે ડિલિવરી કરવામાં આવી રહી છે. ઉપરાંત જોઈએ તેટલી તમામ ચીજવસ્તુઓ એક સાથે મળી જતી હોવાથી શહેરીજનો આ તરફ આકર્ષાય છે તેમાંય શાક અને દૂધ ઓનલાઈન મળી રહ્યા છે તે ગૃહિણીઓ માટે સૌથી વધુ ફાયદાકારક સાબિત થયુ છે. દૂધના કેન્દ્ર પર વહેલી સવારે મળતા દૂધના ભાવે જ ઓનલાઈન અમૂલનું દૂધ ઘરે બેઠા મળી રહ્યુ હોય તો આ ઓફર શહેરીજનો સ્વિકારતા કેમ ખચકાય ? આવી અનેક સવલતો અને ફ્લેક્સીબલીટીને કારણે હાલ શહેરીજનો નાની મોટી તમામ ચીજવસ્તુઓની ખરીદી માટે ઓનલાઈન ખરીદી તરફ વળ્યા છે.

ઘોર કળીયુગ - ઘરઘાટી સાથે મળીને નણંદે ભાભીનું કાસળ કાઢ્યું

નણંદે ભાભીની હત્યા માટે ઘરઘાટીને રૂ.૫૦ હજારની સોપારી આપી, એલસીબી-૨ પોલીસે ગણતરીના દિવસોમાં હત્યાનો ભેદ ઉકેલ્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બારડોલી કાઠી ગામથી ઘમીજ જવાના માર્ગ પર આવતી નર્મદા કેનાલમાંથી ગત તા.૧૭ ના ડિસેમ્બરના રોજ મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ બહાર નીકાળ્યા બાદ માથાના ભાગે ઈજાના નિશાન મળી આવતા હત્યાનો ગુનો નોંધાયો હતો. આ હત્યા કેસને ઉકેલવા માટે પોલીસની

વિવિધ એજન્સીઓ કામે લાગી ગઈ હતી અને ગણતરીના દિવસોમાં પોલીસે હત્યાનો ભેદ ઉકેલી દીધો હતો. જેમાં મૃતકની નણંદે જ ઘરઘાટીને સોપારી આપી હત્યા કરાવી હોવાનું સામે આવ્યું હતું. ભાભીની હત્યાની ચકચારી ઘટનાની વિગતો સામે આવતા હાહાકાર મચી ગયો હતો.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મૃતક મહિલા અમદાવાદના સૈજપુર બોઘા અંબિકાનગર ખાતે રહેતા નિમિષાબેન રાઠોડ હોવાનું સામે આવ્યું હતું. જેને પગલે એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.ડી.વાઘેલા સહિતની ટીમો કામે લાગી ગઈ હતી. જેમાં પોલીસને માહિતી મળી હતી કે મૃતક મહિલા નિમિષાબેનને તેમની નણંદ અંજના ઉર્ફે નયના પુરષોતમ ભાઈ રાઠોડ (રહે. ૪૬-૩૮૮ જી કોલોની ગોમતીપુર) સાથે અવાર-નવાર ઝઘડા થતા હતા. જેથી પોલીસે અંજનાની પુછતાછકરતા તેણે ગુનાની કબુલાત કરી હતી. જેમાં તેણે પોતાના ઘરઘાટી રાજેશકુમાર ઉર્ફે રાજુ મનહરભાઈ ડોડીયા(રહે.૧૨-૨૮૬ સંત વિનોબાભાવે નગર રખીયાલ) ને ભાભીની હત્યા માટે સોંપારી આપી હતી. આરોપીના જણાવ્યા અનુસાર નિમિષાબેનની ૯ માસની દિયાનું સાત વર્ષ પહેલા મૃત્યું થયુ હતું. જેમાં અંજના દિયાને સ્નાન કરાવતી હતી તે સમયે દિયા બેભાન થઈ ગઈ હતી. જેથી મૃતક ભાભી દિકરીના મૃત્યુ માટે નણંદને દોષી માનતી હતી. ભાભી વારંવાર ધાકધમકી આપીને પોતાની ૩ વર્ષની દિકરીને મારી નાંખવાનું કહેતા હોવાનો દાવો નણંદ આરોપીએ કર્યો છે. અંજનાને જાણ હતી કે ભાભીને લો બ્લડ પ્રેશરની તકલીફ છે જેથી હાઈ બ્લડપ્રેશરની દવાઓ મંગાવીને ઠંડાપીણામાં નાંખીને ઘરઘાટી રાજુને આરોપીએ આપીને મૃતક ભાભીને પીવડાવવા માટે કીધુ હતું.અંજનાનું સ્કુટી લઈને ગયેલા ઘરઘાટીએ ફોસલાવીને અમદાવાદ સિવિલથી દહેગામના બારડોલી કાઠી ગામ પાસે નર્મદા કેનાલ પર લઈ ગયો હતો. ત્યારે માર્ગમાં તેણે ઠંડુ પીણું પીવડાવી દીધુ હતું. જેથી નર્મદા કેનાલ પાસે મૃતકને ચકકર આવવા લાગ્યા હતા. મૃતક બેભાન ન થતા ઘરઘાટી રાજુએ બાજુમાં રહેલા પથ્થર લઈને માથાના પાછળના ભાગે ઘા કર્યો હતો.ત્યારબાદ મૃતદેહને ઢસડીને લઈ જઈને કેનાલમાં ફેંકી દીધો હતો.જયારે મૃતકની ઓળખ ન થઈ શકે તે માટે મૃતકનો ફોન અને પર્સ રસ્તામાં ફેંકી દીધા હતા. પોલીસે બંન્ને આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં આવતીકાલે નાતાલનું પર્વ ઉલ્લાસથી ઉજવાશે

ખ્રિસ્તી પરિવારોએ ડેકોરેશન તથા ક્રિસમસ ટ્રી બનાવવા સહિતની તૈયારીઓ હાથ ધરી : કેક સેલિબ્રેશન માટે વિશેષ તૈયારીઓ : બજારમાં પણ રોશની, સાન્તાક્લોઝના મ્હોરા-ડ્રેસીસ વગેરેનું વેચાણ : ચર્ચમાં નાઈટ માસ પ્રેયર નહીં યોજાય : માસ્ક-સેનેટાઈઝર સાથે સોશ્યલ ડિસ્ટન્સ માટે તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૩

આગામી શુક્રવારે શહેરમાં નાતાલનું પર્વ શહેરના ખ્રિસ્તી પરિવારો દ્વારા ભારે હર્ષોલ્લાસથી ઉજવવામાં આવશે. આ વર્ષે કોરોના મહામારીના કારણે તેની દરેક તહેવારો પર સ્પષ્ટ અસર જોવા મળી રહી છે પરંતુ નાતાલના પર્વને ઉજવવા માટે શહેરના ખ્રિસ્તી પરિવારોએ તૈયારીઓ આરંભી દીધી છે. વળી, શહેરના બજારમાં પણ ક્રિસમસ ટ્રી અને સાન્તાક્લોઝના ડ્રેસિંગ સહિતની અનેકવિધ સાજ-શણગારની ચીજવસ્તુઓ જે નાતાલમાં ઉપયોગમાં લેવામાં આવે છે તેનું વેચાણ થઈ રહ્યું છે. જો કે આ વર્ષે કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું પાલન કરવાનું હોવાથી શહેરના તમામ ચર્ચમાં 'નાઈટ માસ પ્રેયર' સહિત તમામ માસ એક્ટિવીટી મુલત્વી રાખવામાં આવી છે.

પ્રભુ ઈશુ ખ્રિસ્તના જન્મોત્સવ નાતાલની ઉજવણી માટે શહેરના વિવિધ સેક્ટર્સ જેવા કે સે. ૨૩, સે. ૮, સે. ૨૧, સે. ૨૦, સે. ૨૯, સે. ૩ અને સરગાસણ સહિતના તમામ ચર્ચ ખાતે ક્રિસમસની તેયારીઓ

નહિવત જોવા મળી રહી છે. શહેરના સેક્ટર-૨૩માં મેથોડિસ્ટ ચર્ચ ખાતે મુખ્ય ગેટ પર સ્ટાર લગાડવા સિવાય અન્ય કોઈ સાજ-શણગાર કે રોશની કરવામાં આવી નથી. જો કે શહેરમાં સે. ૮ માં રોમન કેથોલિક ચર્ચ સહિત શહેરના કેટલાક ચર્ચમાં થોડી ઘણી રોશનીનો શણગાર જોવા મળી રહ્યો છે. જો કે કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર રાત્રે કોઈપણ આયોજનની મંજૂરી ના હોવાથી નાઈટ માસ પ્રેયર શહેરના દરેક ચર્ચમાં આ વર્ષે યોજાશે નહી આ વર્ષે ચર્ચમાં માત્ર તા. ૨૫મી ડિસેમ્બર અને તા. ૧લી જાન્યુઆરી માત્ર આ બે દિવસ જ ક્રિસમસની પાસ્ટર સર્વિસ યોજાશે જો કે તમામ કાર્યક્રમમાં ફરજિયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ તથા સેનેટાઈઝર સહિતનું પાલન કરવામાં આવશે.

જો કે શહેરના ખ્રિસ્તી પરિવારો દ્વારા પોતાના ઘરે થોડી ઘણી તૈયારીઓ જોવા મળી રહી છે. જેમાં ક્રિસમસ ટ્રી લગાડવી તેમાં રોશની લાઈટીંગ કરી ગીફ્ટ્સ મુકવાનું આયોજન કરવુ, કેક બનાવવાની તૈયારીઓ કરવી વગેરે સાથે પરિવારમાં નવા કપડાં કે ઘર માટે જરૂરી નવી ઈલેક્ટ્રોનિક્સ કે અન્ય ચીજવસ્તુની ખરીદી કરવા જેવી તૈયારીઓનો સમાવેશ થાય છે. આ વર્ષે જેના પરિવારમાં કોઈ સ્વજનનું અવસાન થયું હોય તેના ઘરે જઈને કેક આપવા સાથે આશ્વાસન આપવા માટે જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી રહી છે. જો કે શ્રદ્ધાળુઓ આ વર્ષે કોરોના મહામારીના સંક્રમણની ભીતિ હોવાને કારણે નાતાલ સાદાઈથી ઉજવવા તૈયાર થયાં છે અને શક્ય હોય ત્યાં સુધી એકબીજાના ઘરે જવાને બદલે ફોન પર કે વિડિયો કોલ કરી શુભેચ્છા પાઠવવાનું મન બનાવી ચુક્યાં છે. શહેરના બજારોમાં ક્રિસમસ માટેની ચીજવસ્તુઓ જેવી કે ડેકોરેશન, લાઈટીંગ, ક્રિસમસ ટ્રી, બેલ્સ રીબન, સાન્તાક્લોઝના ફેસિંગ્સ અને મ્હોરાં, સ્ટાર, સ્ટીકર્સ, ગભાણ બનાવવાની ચીજવસ્તુઓ વગેરેનું વેચાણ થઈ રહ્યું છે.

રેલવે સ્ટેશન નજીકની ઝૂંપડપટ્ટી પર ફેરવાયેલા બુલડોઝર બાદ આ ઝૂંપડાવાસીઓને વૈકલ્પિક જમીન ન આપતાં આજે કોંગ્રેસ પક્ષ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદન-પત્ર આપવામાં આવ્યુ હતુ. શહેર કોંગ્રેસના પૂર્વ પ્રમુખ મુકેશ પટેલ, પ્રદિપસિંહ વાઘેલા, રજનીભાઈ પટેલ, ધવલ પુરોહિત, મુકેશ મારૂ, હસમુખભાઈ ભરવાડ, ઉત્પલભાઈ પટેલ અને ઝૂંપડાવાસીઓએ આજે આ આવેદન-પત્ર આપ્યુ હતુ.

ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા 'એક મહા યુતિ' નિમિત્તે ઈન્ટરેક્ટિવ સત્ર અને લાઈવ સ્ટ્રીમિંગ યોજાયા



ગાંધીનગર, તા.૨૨

જીવનકાળમાં એકવાર જોવા મળતી ઘટના એટલે ગુરુ અને શનિ આજે એકબીજાને ઓળંગશે. ૧૬૨૩ થી અત્યાર સુધીમાં બંને ગ્રહો ક્યારેય આટલા નજીક ન હતા અને તેથી આને એક 'એક મહા યુતિ' કહેવામાં આવે છે. ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી દ્વારા એક ઈન્ટરેક્ટિવ સત્ર અને લાઈવ સ્ટ્રીમિંગ યોજવામાં આવ્યું હતું. અમદાવાદના કલાપ્રેમી ખગોળશાસ્ત્રી જીનલ શાહે સત્રનું સંચાલન કર્યું હતું. જીનલ શાહે કહ્યું હતું કે, 'જો બે અવકાશી પદાર્થો દૃષ્ટિની પૃથ્વીથી એકબીજાની નજીક દેખાય છે, તો તેને એક જોડાણ કહેવામાં આવે છે. અને શનિ અને ગુરુના આવા જોડાણને એક મહાન જોડાણ કહેવામાં આવે છે.'

હવે પછી આ ગ્રહો ૧૫ માર્ચ, ૨૦૮૦ ના રોજ નજીક આવશે. આજે તેમનું ભૌતિક અંતર આશરે ૭૩૫ મિલિયન કિ.મી. રહેશે. તેમણે જણાવ્યું હતું કે આજે બંને ગ્રહો દરેક પસાર થતા દિવસની સાથે સાથે એક બીજાની નજીક આવતાં દેખાશે.

શહેરમાં સે. ૨૮ની આંગણવાડી ખાતે મેયર રીટાબેન પટેલના હસ્તે દિકરીઓને સેનેટરી પેડ્સના વિતરણનો કાર્યક્રમ ''યૌવના'' સંસ્થા તથા નિવેદિતા મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ સાથે નવજાત શિશુઓને ગરમ કપડાંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ''યૌવના'' સંસ્થાના સ્થાપિકા વૈજયન્તી ગુપ્તે, નિવેદિતા મહિલા મંડળના અધ્યક્ષા ઉષા ટટ્ટુ ઉપરાંત ડૉ. સુમેધા મહાજની, શિલ્પા ભટ્ટ, જાગૃતિ વ્યાસ અને સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વૈજયન્તી ગુપ્તે દ્વારા છેલ્લાં કેટલાક સમયથી જરૂરિયાતમંદ દિકરીઓને નાની વયથી શરૂ થતી શારીરિક સમસ્યા અને રોગોને અટકાવી શકાય તે માટે સેનેટરી પેડ્સનું વિતરણ સમયાંતરે કરવામાં આવી રહ્યું છે.

સે-૧૪ના ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૩

તાજેતરમાં ગાંધીનગર ખાતે સેક્ટર-૧૪ મુકામે આવેલા ઝૂંપડપટ્ટી વિસ્તારને સ્માર્ટ સિટીના નામે તોડી પાડવા માં આવી છે. ત્યાં ના સ્થાનિકો કે જેઓ ની પાસે બધા પુરાવા હોવા છતાં પણ ત્યાં રહેવા દેવામાં આવતા ન હતા. અને તેમને બેઘર કરી દેવામાં આવ્યા.

આ બાબત માં સ્થાનિકોમાં આક્ષેપ એ પણ છે કે તેઓ ને કોઈપણ પ્રકારની નોટીસ આપવામાં આવી નથી અને તેઓ જયારે કામ પર ગયા હતા ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ પોલીસને સાથે રાખીને મકાનો તોડી પાડવામાં આવ્યા છે. સ્થાનિકોએ જણાવ્યું છે કે, તેઓના ઝુપડાની બાજુમાં જ એક રાજકીય વગ ધરાવતા બિલ્ડરની સ્કીમનું કામ ચાલુ છે અને કોર્પોરેશનના અધિકારી,કલેક્ટર અને સ્થાનિક પોલીસ પણ બિલ્ડર ને લાભ કરાવવા માટે ગરીબો ના ઝુંપડા તોડી પાડ્યા છે. બીજી તરફ પીએમ નરેન્દ્રમોદી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દરેક વ્યક્તિ ને ઘરનું ઘર મળશે ની વાતો કરી રહ્યા છે ત્યારે આ ગરીબોના મકાનો છીનવી લીધા છે તો હવે આ બેઘર લોકો ફરી એક વખત રસ્તા ઉપર આવી જતા તેઓની સ્થિતિ કફોડી બની છે.

સ્થાનિકો જણાવે છે કે, ગાંધીનગર શહેર ઝૂંપડપટ્ટી વિસ્તાર ની ૩૦/૧૧/૧૯૯૯ ની ગણતરીની સ્થિતિ મુજબ ઝૂંપડાની ગણતરી અને ફોટોગ્રાફી પણ કરવા માં આવી હતી તેમજ તેઓ ને કાયમી રહેણાંક ના પુરાવા પણ આપવા માં આવ્યા હતા.પરંતુ ભાજપની સરકાર માં ગરીબો ઉપર જે અત્યાચાર ચાલી રહ્યો ,ગરીબો ને જે જે તકલીફ પડી રહી છે તેની કોઈને પરવાહ નથી.

ગરીબો ને ફક્ત વોટબેંકના નામે યુઝ કરવામાં આવે છે. તેમનો પ્રશ્ન છે કે ગરીબો ના ભવિષ્ય નું શુ?તેમના સંતાનો નું શુ? એક બાજુ કોરોના ની મહામારી વચ્ચે સરકાર બધા ને ઘરમાં રહેવા નું સૂચન કરી રહી છે ત્યારે બીજી બાજુ તદ્દન વિપરીત પરિસ્થિતિ જોવા મળે છે.૫૨૧ ઝુંપડા પાડી ને ૫૨૧ પરિવારો ને બેઘર કરી નાખવામાં આવ્યા.

આ ૫૨૧ પરિવારો જે મજૂરવર્ગ તરીકે કામ કરે છે અને રોજ નું કમાઈ ને પોતાનું ગુજરાન ચલાવે છે.તેમની આજીવિકા તો કોરોના માં છીનવાઈ ગયી પણ હવે સરકારે તેમનો આશ્રય પણ છીનવી લઈ ને રોડ ઉપર ભીખ માંગવા માટે મજબુર કરી નાખ્યા છે.

બીજી બાજુ ગાંધીનગર સેક્ટર ૬ માં આવેલી સત્યાગ્રહ છાવણી ખાતે કલેક્ટર ને આવેદનપત્ર આપવા માટે આવ્યું હતું જનતા ને સરકારી કર્મચારીઓ દ્વારા બળજબરી થી હાંકી કાઢવા માં આવ્યા અને આવેદનપત્ર પણ આપવા દેવા માં આવ્યું નહીં

આ ઊપરાંત કલેક્ટર ની ફરજ માં આવે છે કે તેઓ જનતા ની તકલીફ સાંભળીને કાંઈક ઉપાય કરે પણ તેમને પણ મૌન સેવ્યું હતું અને આવેદનપત્ર સ્વીકાર્યું નહતું.

સ્થાનિકોમાં આક્ષેપ એ પણ છે કે તેઓ ને કોઈપણ પ્રકારની નોટીસ આપવામાં આવી નથી અને તેઓ જયારે કામ પર ગયા હતા ત્યારે કોર્પોરેશનના અધિકારીઓ પોલીસને સાથે રાખીને મકાનો તોડી પાડવામાં આવ્યા છે

ચિલોડા-મગોડી માર્ગ પર બસ-એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક ચિલોડા થી મગોડી વચ્ચે એકટીવા અને બસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એકટીવા ચાલક યુવતિ નીચે પટકાતા માથાના ભાગે તેમજ જમણા હાથે પગે ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવતિને તાત્કાલીક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે જયપાલસિંહ બિહોલાએ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ચિલોડા પંથમાં છેલ્લા એક સપ્તાહમાં ચાર અકસ્માત નોંધાય છે. અમદવાદ-ઉદેપુર હાઈવે પરના જંકશન પર બેફામ દોડતા વાહનો પર નિયંત્રણ જરૂરી છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પ્રજાપતિ સોમાભાઈ નાથાભાઈ, ઉ.વ. ૭૧, સેક્ટર-૨૫, ગાંધીનગર.
- સ્વ. પટેલ અમૃતલાલ મણીલાલ, ઉ.વ. ૮૦, સેક્ટર-૦૩, ગાંધીનગર.
- સ્વ. જશીબેન કનુભાઈ દરજી, ઉ.વ. ૬૫, રખિયાલ, તા. દહેગામ, જિ. ગાંધીનગર

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. પ્રજાપતિ ડાહ્યાભાઈ ભગવાનદાસ, ઉ.વ. ૫૪, કલોલ, જિ. ગાંધીનગર.
- સ્વ. પ્રજાપતિ ચંદુલાલ શંકરલાલ, ઉ.વ. ૬૮, હિંમતનગર, જિ. સાબરકાંઠા

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા ગોલથરા ગામ ખાતે કિસાન દિવસની ઉજવણી

ગાંધીનગર,તા. ૨૩

દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન અને ખેડૂતોના મસીહા એવા સ્વ ચરણસિંહ ચૌધરીની જન્મજયંતીને દર વર્ષ દેશમાં રાષ્ટ્રીય કિસાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા આ કાર્યક્રમ ગોલથરા ગામ ખાતે યોજવામાં આવેલ જેમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો વી.કે.ગર્ગ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન અને સરકારશ્રી દ્વારા નવા જાહેર કરાયેલ કૃષિ કાયદાઓ અંગે જાણકારી અને તેના દ્વારા ખેડૂતોને થતા ફાયદાઓ અને ગેરફાયદાઓ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલ. કેન્દ્રના નિષ્ણાંત ભરત હડિયા દ્વારા કિસાન દિવસ કાર્યક્રમનો હેતુ અને કૃષિમાં ખેતી ખર્ચ ઘટાડવા આવશ્યક પગલાઓ અંગે

માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને મુંજવતા મુખ્ય પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા કેન્દ્રના નિષ્ણાંતો ડો પ્રભાતસિંહ જાદવ, રાધાબેન ચૌધરી અને ચંદ્રેશ ગોહિલનો સહયોગ રહેલ. કાર્યક્રમમાં ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.